# GUJARAT LEGISLATIVE ASSEMBLY

## પંદરમી ગુજરાત વિધાનસભા

## પાંચમું સત્ર

## ટૂંકી મુદતના પ્રશ્નો

## બુધવાર, ૨૧ ઑગસ્ટ, ૨૦૨૪

----

જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ [સામાન્ય વહિવટ - ઉદ્યોગ - ગૃહ અને પોલીસ હાઉસિંગ - શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ - બંદરો - ખાણ અને ખનિજ - માહિતી અને પ્રસારણ - વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી - ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ - કલાઈમેટ ચેન્જ - તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઈ મંત્રીશ્રીઓને ન ફાળવેલ તમામ વિષયો - નાણા - માર્ગ અને મકાન અને પાટનગર યોજના - આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ - નર્મદા અને કલ્પસર - કૃષિ - પશુપાલન - વાહન વ્યવહાર - ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ - કાયદો - વૈધાનિક અને સંસદીય બાબતો - મીઠા ઉદ્યોગ - ગૌ-સંવર્ધન - નાગરિક ઉડ્ડયન - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન - આદિજાતિ વિકાસ - વન અને પર્યાવરણ - સામાજિક ન્યાય અને અધિકારિતા - છાપકામ અને લેખનસામગ્રી - યાત્રાધામ વિકાસ - સરહદી સુરક્ષા - નાગરિક સંરક્ષણ - ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ - જેલ - નશાબંધી અને આબકારી - સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન - બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ - પ્રોટોકોલ - સહકાર - રમતગમત અને યુવક સેવા - પંચાયત - મત્સ્યોદ્યોગ - મહિલા અને બાળ કલ્યાણ - અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો - કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ - વહિવટી સુધારણા અને તાલીમ - શ્રમ અને રોજગાર - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ - આયોજન - ન્યાયતંત્ર - લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ - પ્રવાસન - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - સંસદીય બાબતો - ગ્રામ વિકાસ - જળસંપત્તિ અને પાણી પુરવઠા ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ ].

ટૂંકી મુદતના કુલ પ્રશ્નો- 5

----

### પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) દ્વારા આવાસો પૂર્ણ કરવા બાબત

1. શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):

માનનીય મંત્રીશ્રી **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ** જણાવવા કૃપા કરશે કે:-:-

15/5/3

માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૦૭-૨૦૨૪ની સ્થિતિએ રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના બેનીફીસીયરી લેડ કન્સ્ટ્રક્શન (BLC) ઘટકમાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ આવાસો પૂર્ણ કરવા માટે કેટલી સહાય રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવી?

----

## રાજ્યના ખેડૂતોને ખાતર પૂરતા પ્રમાણમાં મળવા બાબત

2. **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

માનનીય મંત્રીશ્રી **કૃષિ** જણાવવા કૃપા કરશે કે:-:-
15/5/5

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૭/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના ખેડૂતોને ખાતર પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા યુરીયા અને ડી.એ.પી. ખાતરના કેટલા જથ્થાની માંગણી કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી અને તેની સામે કેન્દ્ર સરકાર દ્વારા કેટલો જથ્થો મંજૂર કરવામાં આવ્યો?

----

## બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત દૂધ સહકારી મંડળીઓના ખાતા

3. **શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા):**

માનનીય મંત્રીશ્રી **સહકાર** જણાવવા કૃપા કરશે કે:-:-
15/5/16

માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશો કે:-

(૧) તા. ૩૧/૭/૨૦૨૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત દૂધ સહકારી મંડળીઓના ખાતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક બનાસકાંઠામાં ખોલાવવામાં આવ્યા છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં એપ્રિલ-૨૦૨૩ થી જુલાઈ-૨૦૨૪ સુધીમાં કેટલી દૂધ સહકારી મંડળીઓના નવા ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક બનાસકાંઠામાં ખોલાવવામાં આવ્યા છે?

----

## બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વિદેશમાં રહી પગાર મેળવતા શિક્ષકો

4. **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

માનનીય મંત્રીશ્રી **પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ** જણાવવા કૃપા કરશે કે:-:-
15/5/26

માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૧૦-૦૮-૨૦૨૪ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા છ માસમાં વિદેશમાં રહી સરકારનો પગાર મેળવતાં હોય તેવા સરકારી પ્રાથમિક શાળાઓ તથા સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કેટલા શિક્ષકો ધ્યાને આવ્યા,

(૨) ઉક્ત શિક્ષકો કેટલા સમયથી વિદેશમાં હોવા છતાં પગાર લેતાં હોવાનું સામે આવ્યું, અને

(3) ઉક્ત સ્થિતિએ ઉક્ત શિક્ષકો સામે શી ખાતાકીય તેમજ અન્ય કાર્યવાહી કરવામાં આવી ?

----

## ચાંદિપુરા વાયરસથી બાળકોના મોત

5. **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

માનનીય મંત્રીશ્રી **આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ** જણાવવા કૃપા કરશે કે:-:-
15/5/44

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ચાંદીપુરા વાયરસથી કુલ કેટલા બાળકોના મૃત્યુ થયા, અને

(૨) ઉક્ત વાયરસને અટકાવવા સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા છે?

----